ધી મેસેજ ઈ-પેપર વાંચવા ક્લીક કરો...
http://www.messagedaily.com/e-paper

## તંત્રીસ્થાને....

### રાજકારણથી સૈન્યે છેટે રહેવું જોઈએ



લશ્કરના વડા બિપિન રાવતે તેમની આદત મુજબ ફરી કેડ પાસે રિવોલ્વર રાખીને ફાયરિંગ કર્યું છે. તેમની વાત-વિગતો કદાચ ખોટી નહીં હોય કે, ચીન અને પાકિસ્તાન બન્ને મળીને ભારતમાં અને તે પણ આસામમાં ઘૂસણખોરી કરાવીને, પ્રોક્સીવૉર કરી રહ્યા છે. કમર પાસે રિવોલ્વર રાખીને છોડેલી ગોળીની ગતિ વધારે હોય છે, પણ એ યોગ્ય નિશાના પર લાગે જ એવું જરૂરી નથી હોતું! બુધવારે રાવતે આજ રીતે ગોળીબાર કર્યો અને દેશભરમાં આશ્ર્ચર્યનો જુવાળ પેદા થઈ ગયો. તેમણે કરેલા નિવેદનના શબ્દોમાં લશ્કરી વડાને છાજે તેવો સંયમ નહોતો. આવું કંઈ પહેલીવાર નથી બન્યું. હમણાં જાન્યુઆરી મહિનામાં તેમણે જમ્મુ-કાશ્મીરની શિક્ષણનીતિમાં સુધારો કરવાની વાત કરી હતી. જે તેમનો વિષય નહોતો. તેમણે આ બાબતે કરેલા નિવેદન પાછળ કારણ એ હતું કે તેમના મત મુજબ ત્યાંની મદરેસાઓને સરકારે લશ્કરને સોંપી દેવાની જરૂર છે, કારણ કે ત્યાંથી લોકોને ઉશ્કેરતી માહિતીઓ ફેલાવવામાં આવે છે. આવી વાત એવા દેશના લશ્કરી વડા કરી શકે જ્યાં લશ્કરી કાયદો અમલમાં હોય! આવો જ ગોળીબાર તેમણે ૨૦૧૭માં કર્યો હતો, તે વખતે પણ બાબત કાશ્મીરની જ હતી. તેમણે કાશ્મીરના તમામ ચળવળકારોને, કાશ્મીરની ધરતી પર આંદોલન કરતાં લોકોને 'આતંકવાદીઓના કામદારો' જાહેર કરી દીધા હતા! જેના કારણે સિવિલ પ્રોટેસ્ટર્સનાં દિલ દુભાયાં હતા અને બુધવારે તેમણે એવો બૉમ્બ ફોડ્યો છે કે, દેશના રાજકારણીઓ પણ હચમચી ગયા છે. તેમણે એવો આક્ષેપ તો કર્યો જ કે, પાકિસ્તાન અને ચીન, બાંગલાદેશી મુસ્લિમોને આસામમાં ઘુસાડે છે, પરંતુ તેમણે એવો દાવો પણ કર્યો કે, બદરુદ્દીન અજમલની આગેવાની હેઠળના રાજકીય પક્ષ ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ એવાં તત્ત્વોના કારણે જ ઊભો થયો છે, અને વધતી જતી મુસ્લિમ મતદારોની વસતિના કારણે ૨૦૦૫ની સાલમાં સ્થપાયેલા એ રાજકીય પક્ષે એટલું ઝડપથી કાઠું કાઢ્યું છે કે, અત્યારે સંસદમાં તેના ત્રણ સભ્યો છે અને આસામની વિધાનસભામાં તેના ૧૩ સભ્યો છે! તેમણે સરખામણી કરી ભાજપની પ્રગતિ સાથે આટલો જૂનો પક્ષ હોવા છતાં ૧૯૮૪માં ભાજપ લોકસભામાં માત્ર બે બેઠકો જીતી શક્યો હતો. એઆઈયુડીએફ આસામમાં ભાજપ કરતાં તેજ ગતિએ આગળ વધી રહ્યો છે અને આ ઘૂસણખોરી ચાલુ જ રહી તો, કોઈપણ સરકાર આવે વધતી જતી મુસ્લિમ વસતિને અને બદરુદ્દીન અજમલની આ રાજકીય પાંખને પાંગરતા કોઈ રોકી નહીં શકે! હવે આ ત્રણ વાતો જે લશ્કરી વડાએ કરી એ તેમના કાર્યક્ષેત્ર બહારની હતી. માની પણ લઈએ કે રાવત સાચા પણ હોય તેમ છતાં, જાહેરમાં બોલવાના બદલે સંબંધિત મંત્રાલયનું તેમણે ધ્યાન દોરવું, એ તેમની ફરજ છે. જ્યારે એક અહેવાલરૂપે લશ્કરી વડાએ મોકલેલાં સૂચનોને પ્રધાનમંડળ જરૂર ધ્યાનમાં લે! આસામમાં સમસ્યા છે જ. ત્યાં આજે પણ 'નેશનાલિટી રજિસ્ટ્રેશન'ની કામગીરી ચાલુ જ છે. ભારતીયતાના પુરાવા રજૂ કરનાર વ્યક્તિ કે પરિવારોને રાજ્યના કે દેશના નાગરિક તરીકે નોંધવામાં આવે છે. રાવત સાહેબના રાજકીય બાબતોના ઉલ્લેખથી ખળભળાટ મચી ગયો છે, રાષ્ટ્રીય સ્તરે તેમના એ નિવેદન અંગે જોરદાર શંકા સેવાઈ રહી છે, અને ચર્ચાનું કેન્દ્ર બની ગયું છે. બદરુદ્દીન અજમલે જ કહ્યું કે, દેશના લશ્કરી વડાએ રાજકીય નિવેદન કર્યું છે, જે આઘાતજનક છે. ભાજપથી પણ તેજ ગતિએ તેના પક્ષનો વિકાસ થઈ રહ્યો હોવાની રાવતને શા માટે ચિંતા થઈ છે?

### સળગતો અનુરાગ

છેડ કરજે નહીં રૂપની મૂર્ખ મન !
જ્યોત જળહળતી છે પણ નરી આગ છે !
ક્યાંક ભરખે ન જીવનને જ્વાળા બની !
એના હૈયે સળગતો અનુરાગ છે !

પ્યાર જોયો હશે, ડંખ જોયા નથી,
સ્પર્શ કરજે વિચારી વિચારીને તું !
ગાલ પર ઝૂમનારાં એ જુલ્ફાં નથી,
રૂપના કેફમાં ડોલતા નાગ છે !

કંટકોનો અધિકાર જાણ્યા વિના,
ફૂલને છેડનારા તને શી ખબર ?
એ નથી કોઈ નિર્જનની સુની મતા,
એની તહેનાતમાં જાગતો બાગ છે !

આંખડીમાં અમી છે અને ઝેર પણ,
ઝેરનાં પારખાં શૂન્ય સારાં નથી !
શાંત સાગરમાં તોફાન જગવીશ ના !
એની હર છોળમાં મોતનો ફાગ છે.

- "શૂન્ય" પાલનપુરી

ધી મેસેજ ઈ-પેપર વાંચવા ક્લીક કરો...
http://www.messagedaily.com/e-paper

માલિક, મુદ્રક અને પ્રકાશક **એમ.કે. સૈયદ** દ્વારા મુદ્રણ સ્થાન : દુર્ગા ઓફસેટ, માનસરોવર રોડ, જુના ટેલીફોન એક્ષચેન્જ સામે, પાલનપુર ખાતે મુદ્રિત અને **ધી મેસેજ** દૈનિક, કમાલપુરા રોડ, પાલનપુર ખાતેથી પ્રકાશિત થનાર "**ધી મેસેજ**" દૈનિક.
★ **તંત્રી : ભગવાનદાસ ખૂબચંદ મુલાણી**
★ **સહતંત્રી : એ.એફ. મનસુરી**
(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) "**ધી મેસેજ**" દૈનિકમાં પ્રસિધ્ધ થતાં તમામ સમાચાર, લેખો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષ ભાવના વગર જ જનજાગૃતિના ઉદ્દેશથી પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો છે તેવું લાગે તો તે બાબતના આધારપુરાવા સાથે દિવસ-૭માં અમારી ઓફિસે રૂબરૂ આવીને લેખિતમાં ધ્યાન દોરવા અનુરોધ છે જેથી યોગ્ય કરી શકાય. માનહાનિ કે નુકસાની વગેરે માટે ધી મેસેજ (દૈનિક) સમાચારપત્ર તેમજ માલિક, મુદ્રક, પ્રકાશક **એમ.કે. સૈયદ**ની જવાબદારી રહેશે નહિ. જેની નોંધ લેવી . કોઈ પણ જાતના વાદ-વિવાદ, હિસાબ બાબતે, સમાચાર બાબતે જાહેર ખબર, તકરાર કે કાનૂની ગુંચ માટેનું કાર્યક્ષેત્ર પાલનપુર (બનાસકાંઠા) રહેશે.
**સરનામું : ધી મેસેજ દૈનિક, કમાલપુરા રોડ, પાલનપુર**
**પાલનપુર, પીન નં. -૩૮૫૦૦૧ (બ.કાં.) ફોન નં. (૦૨૭૪૨) (ઓ.) ૨૬૨૦૪૨**

# વડગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસે ગઢ જાળવી રાખ્યો

## જિલ્લા પંચાયતની ૬ પૈકી ૪ કોંગ્રેસ અને ૨ ભાજપના ફાળે





તસ્વીર : યાકુબ બિહારી

(પ્રતિનિધિ) ડાલવાણા, તા. ૨૩
આજે જિલ્લા - તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. જેમાં વડગામ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે ૨૮માંથી ૧૬ બેઠકો ઉપર વિજય મેળવી તાલુકા પંચાયતનો ગઢ જાળવી રાખ્યો હતો. જ્યારે ભાજપના ફાળે માત્ર ૧૧ બેઠકો આવી હતી અને ૧ બેઠક ઉપર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો. વડગામ તાલુકામાં જિલ્લા પંચાયતની ૬ બેઠકો પૈકી કોંગ્રેસે ૪ અને ભાજપે ૨ ઉપર વિજય મેળવ્યો હતો. વડગામમાં શાંતિપૂર્ણ રીતે મતગણતરી સંપન્ન થયા બાદ વિજેતા ઉમેદવારોને તેમના સમર્થકોએ ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવી વિજય સરઘસ કાઢી વિજયોત્સવ મનાવ્ય હતો.

##### ટૂંક સમયમાં જ અમૂલ પાયલોટ પ્રોજેક્ટ લોન્ચ કરાશે

## ખેડૂતોની મદદ કરવા રાજ્ય સરકારનું અમૂલ સાથે ટાઇઅપ

(મે.ન્યુ.સ.) ગાંધીનગર,તા.૨૩
ઓપરેશન ગ્રીન ગુજરાત અંતર્ગત રાજ્ય સરકારે અમૂલ ડેર સાથે ટાઇઅપ કર્યું છે. આ જોડાણ દ્વારા શાકભાજી અને ફળનું વાવેતર કરતા ખેડૂતો માટે મજબૂત સહકારી નેટવર્ક ઉભું કરવામાં આવશે. અમૂલનો અનુભવ તથા ક્ષમતાનો ઉપયોગ કરી ખેડૂતો પોતાની પ્રોડક્ટને વધુ સારી કિંમતે વેચી શકે તે ઉદ્દેશ્યથી તે હેતુથી આ જોડાણ કરવામાં આવ્યું છે. અત્યારે શાકભાજી અને ફળની ખરીદી, ડિસ્ટ્રીબ્યુશન, કિંમત અને ક્વોલિટી કધટ્રેલની સિસ્ટમ ન હોવા છતાં ખેડૂતોને ઓછી કિંમત મળી રહી છે. ટૂંક સમયમાં જ અમૂલ પાયલોટ પ્રોજેક્ટ લોન્ચ કરશે, જે અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લામાં પોતાના મિલ્ક પાર્લર્સમાં શાકભાજી અને ફળ પણ વેચાણમાં મુકાશે.

એગ્રીકલ્ચર, કો-ઓપરેશન અને ફાર્મર વેલ્ફેર ડિપાર્ટમેન્ટના એસીએસ સંજય પ્રસાદે કહ્યું કે, અત્યારે મોટાભાગના ફળ તથા શાકભાજીનું વાવેતર કરતા ખેડૂતો અસંગઠીત રીતે કામ કરે છે. જેના કારણે ઉત્પાદન પછીની ઉપજમાં ૧૫%થી ૨૦%નુ નુકસાન થાય છે. જ્યારે એક જ સમયે પ્રોસેસ કરવા પર તે ૬થી ૭ ટકા રહે છે. પ્રસદે કહ્યું કે, માત્ર ટમેટા, બટેટા અને કેરીની પ્રોસેસ ઓછા જથ્થામાં થાય છે, જ્યારે વટાણા અને સ્વીટ કોર્ન વધુ જથ્થામાં પ્રોસેસ થાય છે. ભારતમાંથી ફ્રેશ ફ્રૂટ અને શાકભાજીનું ૪૧ લાખ ટન જેટલું નિકાસ થાય છે. જ્યારે નિકાસમાં ગુજરાતનો ફાળો માટે ૧.૮ ટકા જ છે. આગળ ઉમેરતા પ્રસાદે કહ્યું કે ઉપજને નુકસાન, લાંબી સપ્લાય ચેઇન, ભાવ ઘટાડો, બિનકાર્યક્ષમ હેન્ડલિંગ, ઉંચો વ્યવસ્થાખર્ચ, ગુણવત્તા સંચાલનના અભાવ અને પ્રતિબંધિત રાસાયણનો ઉપયોગ કર્યો હોવાના લીધે ખેડૂતોએ અસ્થિર ભાવનો સામનો કરવો પડે છે.

##### જિલ્લા પંચાયતની બન્ને સીટો કોંગ્રેસના ફાળે

## ભાભર તાલુકા પંચાયત ભાજપ પાસેથી કોંગ્રેસે છીનવી

### ભાભર તાલુકા પંચાયતની ૧૨ સીટો ઉપર કોંગ્રેસ, પાંચ સીટો ભાજપ અને ૧ સીટ ઉપર અપક્ષ વિજેતા





તસ્વીર કલ્પેશ ઠાકોર, વાવ

(તા. પ્રતિનિધિ) વાવ, તા. ૨૩
ભાભર તાલુકામાં સ્થાનિક ભાજપના કહેવાતા આગેવાનોના કારણે ભાજપ તરફ લોકોનો ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. સ્થાનિક ભાજપના આગેવાનોના ગામની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સીટો ઉપર ભાજપની ભૂંડી હાર થઈ છે, કોંગ્રેસે તાલુકાની બંને જિલ્લા પંચાયત સીટો તેમજ તાલુકા પંચાયતની ૧૮ પૈકી ૧૨ કોંગ્રેસે કબ્જે કરીને તાલુકા પંચાયત ભાભર કોંગ્રેસે કબ્જે કરતાં કોંગ્રેસમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. જ્યારે ભાજપને ફાળે માત્ર ૫ બેઠકો આવી છે જ્યારે તાલુકા પંચાયતની તનવાડ બેઠક ઉપર અપક્ષે મેદાન માર્યું છે. ભાભર તાલુકાની જિલ્લા પંચાયતની બે બેઠક મીઠા અને સણવા પણ કોંગઑસે કબ્જે કરી છે. તાલુકા પંચાયત ભાભર ઉપર ભાજપનું શાસન હતું, કોંગ્રેસે આ ચૂંટણીમાં બહુમતિથી કોંગ્રેસની તાલુકા પંચાયત બનાવી છે, સ્થાનિક ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસની સ્થાનીક ટીમ ઉપર તાલુકામાં વિશ્વાસ વધ્યો છે, તેમની મહેનતથી ભાજપના સુપડા સાફની હાલત થવા પામી છે.

## ધી મેસેજ દૈનિકમાં....

## તાત્કાલિક નિમણૂક કરવાની છે



**ઇસ દેશ કો જિતની હાની દુર્જનોં કી દુર્જનતા સે નહીં હુઈ ઉતની હાની સજ્જનોં કી નિષ્ક્રિયતા સે હો રહી હૈ । -ચાણક્ય**

***ધી મેસેજમાં જોડાઓ અને ક્રાંતિના પ્રણેતા બનો***

***કેમ કે વેદનાને વાચા આપવી એ માનવધર્મ છે***

**બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, સુરત તથા અમદાવાદ અને પાટણ જિલ્લાના ગામે ગામ અને દરેક તાલુકા મથકોએ, એવા ખબરપત્રી-પત્રકારોની નિમણૂક કરવાની છે જેઓ અન્યાય, અત્યાચાર અને આતંક સામે જેહાદ જગવી તેને આખરી અંજામ સુધી પહોંચાડી શકે.**

**એવા ખમીરવંતા ક્રાંતિકારી અને ઈન્વેસ્ટીગેટીવ જાંબાજ પત્રકારોની નિમણૂક કરવાની છે,જેમના હૈયે જાહેરહિત સમાયેલું હોય, જેમના હૈયે દેશદાઝ હોય, અન્યાયનો પ્રતિકાર કરવાની ખેવના હોય, ધગશ હોય તેવા તમામ બુદ્ધિજીવીઓને ધી મેસેજ દૈનિક આજે જ આવકારે છે.**

**અન્યાય, અત્યાચાર અને આતંક ચૂપચાપ સહી લેવા એ મહા પાપ છે.**

**યાદ રાખો વેદનાને વાચા આપવી એ માનવ ધર્મ છે અને પારકાંની વેદનાને પોતીકી બનાવી તેને આક્રોશનો અવાજ આપવો એ આજનો યુગધર્મ છે.**

''કબીરા ખડા બાજાર મેં , લિયે લુકાઠી હાથ
જો ઘર બારે આપના, ચલૈ હમારે સાથ''

**આવો અવાજ ઉઠાવો અન્યાય સામે, અવાજ ઉઠાવો શોષણ સામે તમારી કલમને, તમારી વ્યથાને કાળજાના લોહીમાં ઝબોળો અને સજીવન કરો કોઈ શોષણ કથાને.... વાચા આપો પેલી મૂંગી ચીસને જે તમારા હૈયાંમાં દબાઈને પડી છે..**

## ધી મેસેજ દૈનિક કાર્યાલય

**મારૂતિ કોમ્પલેક્ષ, જુનાપાવર હાઉસ સામે, ગુરુનાનક ચોક, પાલનપુર**
**ફોન : ૦૨૭૪૨-૨૫૦૦૪૨, મો. ૯૪૨૮૮૪૫૦૭૭**
Email : message_ad1@yahoo.com, message_ad1@rediffmail.com

સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહિ, મેરી કોશિષ હૈ યે માહોલ બદલની ચાહિએ
મેરે સિને મેં નહિ તો તેરે સિનેમેં હી સહી, હો કહી ભી આગ લેકિન આગ જલની ચાહિએ.

## સત્યનો સાગર



## અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા

**લેખક : સ્વામી સચ્ચિદાનંદ**

**યજ્ઞ અને હિંસા**

લગભગ પ્રત્યેક ધર્મમાં થોડાઘણા પ્રમાણમાં વ્યર્થની ક્રિયાઓ કર્મકાંડો થતાં જ હોય છે. જો તે વિશેષ આર્થિક હાનિ સિવાયની હાનિ કરનારાં ના હોય તો તેને નિભાવવાં જોઈએ. યજ્ઞો પણ જો માત્ર દ્રવ્યનાશ કરનારા જ હોત તથા સીમિત પ્રમાણમાં થતા રહ્યા હોત તો તેમને ચલાવી લેવામાં ખાસ વાંધો ન આવત. પણ એવું લાગે છે કે સામાન્ય ધૂપ-ધુમાડાથી શરૂ થયેલી પ્રક્રિયા અંતે પશુઓની હિંસાથી થનારી અનિષ્ટ પ્રક્રિયા બની ગઈ. ઉત્તરવર્તી ગાળામાં તેના અનેક પ્રકાર થયા. દિવસો અરે મહિનાઓ સુધી ચાલનારી અટપટી વિધિઓ થઈ, અધિકારો નક્કી થયા, આભડછેટ નક્કી થઈ. હિન્દુ પ્રજાના માનસ ઉપર યજ્ઞ એવી રીતે ફરી વળ્યો જાણે કે તે સૌથી ઉત્તમ તથા પવિત્ર ધાર્મિક કાર્ય હોય તેવું થઈ ગયું. નેમિનાથ, બુદ્ધ તથા મહાવીરનાં ચરિત્રોમાં હજારો મૂગાં પશુઓને યજ્ઞ વેદિ માટે લઈ જવાતાં બતાવાયાં છે. તેમનો આત્મા કકળી ઊઠયો અને તેમણે આવા યજ્ઞોનો વિરોધ કર્યો. જેના પરિણામે ધાર્મિક ક્ષેત્રમાં બે મુખ્ય ધારાઓ થઈ. યજ્ઞો-યાગાદિ કર્મકાંડો દ્વારા કલ્યાણ ઈચ્છનારી વર્ણાશ્રમધર્મવાળી ધારા તથા શીલ-સમાધિ અને પ્રજ્ઞા (બૌદ્ધ) તથા સમ્યક્ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય (જૈન) દ્વારા કલ્યાણ ઈચ્છનારી ધારા. પ્રથમ ધારાને ઈતિહાસકારોએ બ્રહ્મધર્મ કહ્યો, કારણ કે તેમાં પૂરી પ્રજાનું મહત્વ ન હતું. માત્ર પ્રથમ વર્ણનં જ મહત્વ હતું તથા પ્રથમ વર્ણનું યોગક્ષેમ માટે યજ્ઞ-યાગાદિ વિધિઓ ચલાવાઈ હતી. આ પ્રથમ ધારાનો થોડો વિરોધ કપિલના સાંખ્યશાસ્ત્રમાં પણ કરવામાં આવ્યો. ''દ્રષ્ટવદાનુંશ્રવિકઃ'' (સાંખ્યકારિકા) (અર્થાત્ પ્રત્યક્ષ ઉપાયોથી જેમ કાયમી દુઃખની નિવૃત્તિ નથી થતી તેમ યજ્ઞ-યાગાદિથી પણ કાયમ માટે દુઃખ દૂર નથી થતાં.) પતંજલિના યોગસૂત્રમાં યજ્ઞની પૂર્ણ ઉપેક્ષા કરાઈ છે. અષ્ટાંગયોગનો આધાર યમ તથા નિયમ છે તેવું બતાવ્યું છે. (જે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ બતાવાયાં છે.) આ વાસ્તવિક રીતે કલ્યાણકારી સાધનાનો માર્ગ બતાવ્યો છે. યજ્ઞોમાં થતી પશુહિંસાથી ઊકળી ઉઠેલા મહર્ષિ ચાણકયે લખ્યું છે.

**વૃક્ષાંછિત્વા પશૂન્ હત્વા કૃત્વારુધિરકર્દમમ્ ॥**
**યદ્યેવં ગમ્યતે સ્વર્ગં નર્ક કેન ગમ્યતે ॥**

**(વૃક્ષોને કાપીને તથા પશુઓને મારીને લોહીનો કાદવ કરવાથી જો સ્વર્ગે જવાતું હોય તો બતાવો, નરકે કોણ જશે ? અર્થાત્ નરકે જવાનાં કર્મો કરીને તમે સ્વર્ગ મેળવવા માગો છો ?)**

યજ્ઞ સ્થળ ઉપર અંગ્રેજીના વાય આકારનું લાકડું ખોડવામાં આવતું તેને 'યૂપ' કહેવાય છે. આ યૂપમાં પશુનું માથું ઘાલીને વધ કરવામાં આવતો. મીમાંસાશાસ્ત્રમાં હિંસા સંબંધી અનેક વાતો છે, જે લખતાં પણ ગ્લાનિ થાય એટલે લખતો નથી. માત્ર ઐતરેય બ્રાહ્મણમાંથી થોડા નમૂના જ આપું છું. :

**ખાદીરં યૂપં વૈકુર્વીત સ્વર્ગકામઃ ખાદીરેણ વૈ યૂ પેન દેવાઃ સ્વર્ગલોકમજયં સ્તથૈતૈવૈતદ્ યજમાનઃ ખાદીરેણ યૂપેન સ્વર્ગલોકં જયતિ ।**
**(ઐતરેય બ્રાહ્મણ)**

**(ખદીરના લાકડાનો યૂપ બનાવવો સ્વર્ગની કામનાવાળાએ દેવોએ પણ ખાદીરયૂપ દ્વારા જ સ્વર્ગલોક ઉપર વિજય મેળવ્યો હતો, યજમાન પણ તેવી જ રીતે વિજય મેળવે.)**

**''બિલ્વં યૂપં કુર્વીતાન્નાદ્યકામઃ''**
**(અન્નની કામનાવાળા યજમાને બિલ્વનો યૂપ બનાવવો.)**

**''પલાશં યૂપં કુર્વીતઃ''**
**(સૌંદર્ય તથા પવિત્રતાની ઈચ્છાવાળા યજમાને પલાશનો યૂપ કરવો.)**

**યજ્ઞ અને હિંસા**

આ રીતે જુદી જુદી ઈચ્છા રાખનાર યજમાનોએ પોતાની તે તે ઈચ્છાઓ પુરી કરવા જુદા જુદા લાકડાના યુપો બનાવવા તેમ કહેવાયું છે પછી હવે પશુવધ શરૂ થાય છે.

**દેવઃ શમિતાર આરંભધ્વમુત મનુષ્યા ઈત્યાહ ॥**
**(હે દિવ્ય વધ કરનારા કાર્યનો આરંભ કરો.)**

**''ઉપનયન મેધયા.''** (વધ કરનારાં **શસ્ત્રો લાવો.)**

(ક્રમશઃ)

Volume : 17, No : 188 R.N.I. No. 48784/90, Published and Owned by : MOHAMED YUSUF KHUBMIYAN SYED, Printer VIJAYKUMAR MANDORA of at Durga Offset, Mansarovar Road, PALANPUR. Place of Publication at : Kamalpura Road, Palanpur, Dist. B.K. (N.G.), Pin No. 385001, Phone No. (02742)-262042, Mo. 94288 45077, Email : message_ad1@yahoo.com, Editor : BHAGWANDAS KHUBCHANAD MULANI